

# શું તમારા ગામમાં ૧૪ વર્ષ સુધીનાં બાળકો પાસે કોઈપણ પ્રકારનું કામ કરાવવામાં આવે છે ?

**જો હા, તો શું તમે જાણો છો કે બાળ મજૂર પ્રતિબંધ અને નિયમન અધિનિયમ, ૧૯૮૬ અંતર્ગત આ બાળકો પાસે કામ કરાવવા માટેનાં કડક નિયમો નક્કી થયેલ છે, જેનો અમલ ન થાય તો દંડ અને સજાની પણ જોગવાઈ કરવામાં આવેલ છે ?**

**બાળકોને મજૂરી એ રાખવા તે કાયદેસર નો ગુનો બને છે જેના કેટલાક નિયમો નીચે મુજબ છે.**

**બાળકોને મજૂરી એ રાખવા તે કાયદેસરની ગુનો બને છે જેમાં ૧૬ જેટલા વ્યવસાયો અને ૬૫ જેટલી પ્રક્રિયાઓ માં બાળકોને મજૂરીએ રાખવા ઉપર પ્રતિબંધ છે.**

## બાળકો કેટલાં કલાક અને કેવી રીતે કામ કરી શકે ?

- કોઈપણ સંસ્થાએ નક્કી કરેલ કામના કલાકો સિવાય બાળક પાસે વધારે કામ કરાવી શકે નહીં.
- બાળકને ત્રણ કલાકના કામને અંતે ફરજિયાત એક કલાકનો આરામ આપવો.
- કોઈપણ દિવસે આરામના સમય સાથે બાળકને છ કલાકથી વધારે કામ કરાવી શકાય નહીં.
- કોઈપણ બાળક પાસે રાત્રિના સાત વાગ્યાથી સવારના આઠ વાગ્યા વચ્ચે કામ કરાવી શકાય નહીં.
- કોઈપણ બાળક પાસે ઓવરટાઈમ કામ કરાવી શકાય નહીં.
- એક જગ્યાએ કામ કરેલ બાળકને તે જ દિવસે બીજી જગ્યાએ કામ કરાવી શકાય નહીં.



## બાળક માટે રજાની જોગવાઈ કઈ રીતે કરવાની હોય છે ?

- દરેક અઠવાડિયામાં એક આખા દિવસની રજા આપવી પડશે.
- રજા માટે નક્કી કરેલ દિવસની જાણ જાહેર નોટીસ બોર્ડ પર રાખવાની રહેશે.
- રજા માટે નક્કી કરેલ દિવસ ત્રણ મહિનામાં એક કરતાં વધારે વખત ફેરવી શકશે નહીં.

**બાળપણનો સોદો કરશો નહીં, બાળમજૂરીને સાથ આપશો નહીં**

CfD Centre for Development
Ahmedabad

Save the Children
Bal Raksha Bharat

## બાળક કામ કરે છે તેવી જાણ ક્યાં અને કેવી રીતે કરવી જોઈએ ?

- જે ખેતરમાં બાળકને કામે રાખેલ હોય તે સ્થળે દરેક ખેડુતે બાળકનાં કામ શરૂ થયાનાં ૩૦ દિવસની અંદર લાગુ પડતું હોય તે પોલીસ ઈન્સ્પેકટરને નીચેની વિગતોવાળી લેખિત નોટીસ આપવી જોઈએ.
- કામનું નામ અને સ્થળ :
- કામનાં સ્થળનું વહીવટ કરતી હોય તે વ્યક્તિનું નામ :
- કામનાં સ્થળમાં પત્રવ્યવહાર મોકલવો જોઈએ તે સરનામું :
- કામનાં સ્થળે કરવામાં આવતો ધંધો અથવા પ્રક્રિયાનો પ્રકાર :




## બાળકની ઉંમર સંબંધી પ્રશ્ન માટે શું પગલાં લેવાના હોય? તેના માટે જવાબદાર કોણ હોય છે?

- જે બાળકને કબજેદારે કામનાં સ્થળે રાખ્યો હોય તે બાળકની ઉંમર સંબંધી કોઈપણ તકરાર માટે ઈન્સ્પેકટરની જવાબદારી બાળકને તબીબી અધિકારી પાસે લઈ જવાની રહેશે.

## બાળકની વિગત દર્શાવતાં રજીસ્ટરમાં કઈ કઈ વિગતોનો દસ્તાવેજ રાખવાનો હોય છે ?

- કોઈપણ કામનાં સ્થળે રહેલ બાળકનાં સંબંધમાં દરેક કબજેદારે એક રજીસ્ટર રાખવું પડશે. જેમાં નીચેની બાબતો હોય. આ રજીસ્ટર ઈન્સ્પેકટર માગે ત્યારે તેમને બતાવવું પડશે.
- દરેક બાળકનું નામ અને જન્મ તારીખ
- દરેક બાળકનાં કામ કરવાનાં કલાકો અને મુદ્દત તથા આરામનાં કલાકો
- દરેક બાળકનો કામનો પ્રકાર
- ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો



## કામનાં સ્થળે કઈ કઈ નોટીસ પ્રદર્શિત કરવાની હોય છે ?

- દરેક કામના સ્થળે કબજેદારે સ્થાનિક ભાષામાં અને અંગ્રેજીમાં કામનાં સ્થળનાં મુખ્ય પ્રવેશદ્વાર પાસે કામનાં પ્રકાર અને શિક્ષાની જોગવાઈ વાળી નોટીસ રાખવાની રહેશે.

## જો કોઈપણ નિયમનો ભંગ થાય, તો કેવા પ્રકારની શિક્ષા થઈ શકે ?

- જો કોઈપણ બાળકને કામ પર રાખનાર વ્યક્તિ બાળક પાસેથી પ્રતિબંધિત કામ કરાવતી હોય તો તેને ત્રણ મહિના કરતાં વધારે અને એક વર્ષથી ઓછી કેદ અથવા દસ હજારથી વીસ હજાર રૂપિયાનો દંડ અથવા બંને શિક્ષા થઈ શકે.
- જો કોઈપણ વ્યક્તિ ઉપર દર્શાવેલ ગુનો ફરી વખત કરે તો ઓછામાં ઓછી છ મહિના અને વધુમાં વધુ બે વર્ષની કેદની સજા થઈ શકે.
- જો કોઈપણ વ્યક્તિ ઈન્સ્પેકટરને બાળકને કામે રાખ્યાની જાણ ન કરે, બાળ મજૂરી કરતા બાળકની વિગત દર્શાવતું રજીસ્ટર ન રાખે, કામનાં પ્રકાર અને પ્રતિબંધની નોટીસ પ્રદર્શિત ના કરે અથવા કોઈપણ બાબતની જોગવાઈ કરેલ હોય તેનું પાલન ના કરે અથવા ઉલ્લંઘન કરે, તો એક મહિના સુધીની સાદી કેદ અથવા દસ હજાર રૂપિયા સુધીનાં દંડ અથવા બંને શિક્ષા થાય.

CfD Centre for Development
Ahmedabad

Save the Children
Bal Raksha Bharat

સેન્ટર ફોર ડેવલપમેન્ટ : બીજો માળ, મિસ્ત્રી ચેમ્બર્સ, કામા હોટલની બાજુમાં, ખાનપુર, અમદાવાદ-૦૧. E-mail : cfd.ad28@gmail.com